## Swaramna-22 (1) આપ કહો આવો, તેમાં કૃપા આપની વર્તાય (19-3-2019)

આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય
આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય
આપ કહો 'જાઓ', તેમાં અપાર કરુણા છલકાય... અપાર કરુણા છલકાય.

આપની અકળ કળા, બુદ્ધિથી કદિ ના ઉકેલાય,
આપની અકળ કળા, બુદ્ધિથી કદિ ના ઉકેલાય,
નાવ આખી ડૂબી ગઈ જ્યાં, હલેસાને મારવા ક્યાં જાય !...
હલેસાને મારવા ક્યાં જાય !...
<u>આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય</u>

આપની કવચિત ટકોરથી કંઈ, કેટલાય રોગ કપાય,
મોક્ષમાર્ગની બાધક વાતો, સાનમાં સમજાવી જાય.
આપની ટકોરમાં તો, બ્રહ્માંડી વજન તોલાય,
પછી આપ કહો કે, મારાથી કોઈને ના વઢાય !...કોઈને ના વઢાય !.
<u>આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય</u>

આપની એક ટકોરથી તો, વર્ષોના વર્ષો અંતર ખોદાય !
કેવું અક્રમનું ડ્રિલીંગ મશીન,મોક્ષમાર્ગ મોકળો મૂકાય !
હે દાદા ! આપની આ અગાધ શક્તિ, સીમિત ના કરાય,
વહાવો, પૂગાડો, જગત ખૂણે ખૂણે, ભવો ભવો કપાય... ભવો ભવો કપાય..
<u>આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય</u>

આપ તો બસ આપ જ છો ! આપ જેવો નહીં કોઈ ક્યાંયે,
આપે તો આપોપું ત્યજી, આપના કીધા અંતર સહુનાય.
જુઓ પરમાત્મા પધાર્યા આપના, પરમાત્મ પ્રેમમાં દેખાય !
એ, પ્રેમના તાંતણે જ આ ગાંડા ઘેલા મૂરખ આત્મજ્ઞાની થઈ જાય... આત્મજ્ઞાની થઈ જાય..
<u>આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય</u>

આપનું સાંનિધ્ય ઝંખે હૃદય પણ, વિરહોમાં એક ક્ષણ દૂર ના જાય,

છતાં પ્રભુ ! આ નાજુક હૃદયથી, વિરહો હવે એક ક્ષણ ના ખમાય.

આપ પાસે છો છતાં દૂર છો, દૂર છો છતાં પાસ વર્તાય,

આપ ક્યાં દૂર છો ? આપ તો છો મુજ હૃદયમાં... મુજ હૃદયમાં...

આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય

આપના વિરહોમાં ક્ષણ ક્ષણ મરણ સમ વેદાય

છતાં શ્વાસ વહ્યા જાય છે એય, આશ્ચર્ય લેખાય !

આપના વિરહોમાં તો મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર આપમાં જ ઝલાય,

એક પલ માટે પણ આપથી એ, આઘાપાછા જ ના થાય.... આઘાપાછા જ ના થાય.

આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય

આપ કહો 'જાઓ', તેમાં અપાર કરુણા છલકાય....(S)

અપાર કરુણા છલકાય..(S)

આપની અકળ કળા, બુદ્ધિથી કદિ ના ઉકેલાય,(S)

આપની અકળ કળા, બુદ્ધિથી કદિ ના ઉકેલાય.(S)

નાવ આખી ડૂબી ગઈ જ્યાં, હલેસાને મારવા ક્યાં જાય !....(S)

હલેસાને મારવા ક્યાં જાય !....(S)

આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય

આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય

આપ કહો 'આવો', તેમાં કૃપા આપની વર્તાય

***

## Swaraman 26 (2) દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,

દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે, (GAP)
દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,
સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.
મન-વચન-કાયા ફાઈલો જાણી, સમભાવે નિકાલ કરે જે, (GAP)
મન-વચન-કાયા ફાઈલો જાણી, સમભાવે નિકાલ કરે જે,
શુદ્ધાત્મા છું, લક્ષ-અનુભવ-પ્રતીતિ ના જાયે રે.
શુદ્ધાત્મા છું, લક્ષ-અનુભવ-પ્રતીતિ ના જાયે રે.

દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,
સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

ચંચળ અવસ્થા ને અચળ પોતે, જોઈ-જાણી શુદ્ધ ઉપયોગે રે, (GAP)
ચંચળ અવસ્થા ને અચળ પોતે, જોઈ-જાણી શુદ્ધ ઉપયોગે રે,
શુદ્ધ ચિત્ત, શુદ્ધ જ્ઞાન, ચારિત્ર શુદ્ધ,(alap) જ્યાં પરમાત્મા દેહધારી રે.
જ્યાં પરમાત્મા દેહધારી રે. (GAP)
દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,
સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

પરક્ષેત્રે ઉપલક, સ્વક્ષેત્રે ચોક્કસ, જ્ઞાતા-દ્રષ્ટા-પરમાનંદી રે, (GAP)
પરક્ષેત્રે ઉપલક, સ્વક્ષેત્રે ચોક્કસ, જ્ઞાતા-દ્રષ્ટા-પરમાનંદી રે,
કરુણાનો એસિડ, પ્રેમનાં પુષ્પો, વેરાયા ત્યાં તો પ્રસાદી રે.
વેરાયા ત્યાં તો પ્રસાદી રે. (GAP)

દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,
સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

પરમ વિનય ને, 'હું કંઈ જ જાણું નહીં', બે જ પુષ્પો ચઢાવી રે, (GAP)
પરમ વિનય ને, 'હું કંઈ જ જાણું નહીં', બે જ પુષ્પો ચઢાવી રે,
ચરણ ધરી, સાચા ઉરે કહો, (alap) દાદા અમે માથે પડ્યા તમારી રે.
અમે માથે પડ્યા તમારી રે. (GAP)

દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,
સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

બ્રહ્માંડ ધ્રુજાવે, શું ના કરી શકે, માગો તો મોક્ષ મોક્ષાર્થી રે, (GAP)
બ્રહ્માંડ ધ્રુજાવે, શું ના કરી શકે, માગો તો મોક્ષ મોક્ષાર્થી રે,
રોકડો જ મોક્ષ જ્યાં, કલાકે હાથમાં, નહીં ક્ષણની ઉધારી રે.
નહીં ક્ષણની ઉધારી રે. (GAP)

દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,
સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

જો ના સમજ્યો દાદાના દર્શન, આરો નહીં તારો ભવોભવ રે, (GAP)
જો ના સમજ્યો દાદાના દર્શન, આરો નહીં તારો ભવોભવ રે,
'પોતે' પોતાને સ્વગૃહે આજે, (alap) દાદાથી જ આત્મ અનુભવે રે.
દાદાથી જ આત્મ અનુભવે રે. (GAP)
દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,
સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

મન-વચન-કાયા ફાઈલો જાણી, સમભાવે નિકાલ કરે જે,

*શુદ્ધાત્મા છું, લક્ષ-અનુભવ-પ્રતીતિ ના જાયે રે.* ***(S-2)***

દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,

સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,

સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

દાદાનું અક્રમ, જ્ઞાન અપૂર્વ, આજ જગત કલ્યાણને ભાવે રે,

સ્વદોષ નિહાળી, નિર્દોષ થઈને, જગ નિર્દોષિત ભાળે રે.

## Swaraman 25 (3) અહો અહો એ મહાવીરને...

અહો અહો એ મહાવીરને, (GAP)

અહો અહો એ મહાવીરને, વીતરાગ વર્ત્યા તેજો લેશ્યા.

અહો અહો એ મહાવીરને, વીતરાગ વર્ત્યા તેજો લેશ્યા.

નિર્દોષ ભાળ્યું જગતને, નિર્દોષ વર્ત્યા સતિ વેશ્યા.

અહો અહો એ મહાવીરને....

વીતરાગ ટાંકણે ઘડયો ગોશાલક,...ઘડયો ગોશાલક,

દુગ્ધ અમી એ પોષ્યું બાળક,... પોષ્યું બાળક.

છતાં ઉપસર્ગે વર્ત્યો વીતરાગ,... છતાં ઉપસર્ગે વર્ત્યો વીતરાગ,

ધન્ય તીર્થંકરી કરુણાળ !...ધન્ય તીર્થંકરી કરુણાળ !

અહો અહો એ મહાવીરને...

મહાવીર ને મલ્યો એક ગોશાલક,... એક ગોશાલક,

દાદા તુને મલ્યા... મલ્યા અનેક,... મલ્યા અનેક.

એ વીતરાગતા આજ મેં ચાખી,... એ વીતરાગતા આજ મેં ચાખી,

હું-તું-તીર્થંકર બન્યા અભેદ...હું-તું-તીર્થંકર બન્યા અભેદ.

અહો અહો એ મહાવીરને...

જે પદ પામ્યા સર્વજ્ઞ આજ,... સર્વજ્ઞ આજ.

નિશ્ચે પામીશ હું તે કાલ... હું તે કાલ.

તીર્થંકર બની સમર્થ બનું,... તીર્થંકર બની સમર્થ બનું

જગકલ્યાણ, એ જ મુજ એકમેવ સવાલ ?

જગકલ્યાણ, એ જ મુજ એકમેવ સવાલ ?

અહો અહો એ મહાવીરને...

ધન્ય ધન્ય આજ નીરુ તને,… નીરુ તને,

ભરી સભામાં ઝાલ્યો તેં હાથ,… ઝાલ્યો તેં હાથ.

આવો ધીંગધણી ન મલ્યો કોઈ દી',… આવો ધીંગધણી ન મલ્યો કોઈ દી'.

આ પામર પર અહો ઉપકાર.  આ પામર પર અહો ઉપકાર.

અહો અહો એ મહાવીરને…

મલ્યું રાજ બ્રહ્માંડનું આજ,… બ્રહ્માંડનું આજ,

ભયો ભયો આ ભવ… પૂર્ણકામ,… પૂર્ણકામ.

ધન્ય ધન્ય નયન મુજ છલકાય,… ધન્ય ધન્ય નયન મુજ છલકાય,

ચૌદલોકી નાથ એ જ મુજ નાથ,… ચૌદલોકી નાથ એ જ મુજ નાથ.

અહો અહો એ મહાવીરને…

દાદા ! સર્વથા અસમર્થ પ્રતિ ઉપકાર,… અસમર્થ પ્રતિ ઉપકાર.

વર્તુ ભવોભવ આજ્ઞાધીન,… આજ્ઞાધીન.

સેવક સેવ્ય અભેદ કરુણાળ,… સેવક સેવ્ય અભેદ કરુણાળ,

તીર્થંકરી નૂર આજ પ્રમાણ!… તીર્થંકરી નૂર આજ પ્રમાણ.

અહો અહો એ મહાવીરને ,વીતરાગ વર્ત્યા તેજો લેશ્યા,

અહો અહો એ મહાવીરને, વીતરાગ વર્ત્યા તેજો લેશ્યા,

નિર્દોષ ભાળ્યું જગતને, નિર્દોષ વર્ત્યા સતિ વેશ્યા.

અહો અહો એ મહાવીરને
અહો અહો એ મહાવીરને
અહો અહો એ મહાવીરને

## Swaramna-24 (4) ક્યાંય ન પામ્યો સુખ પ્રભુ !

ક્યાંય ન પામ્યો સુખ પ્રભુ ! આ નશ્વર સંબંધોમાં,
સપડાયો ભવ પર્યંત, આ દુનિયાના પ્રબંધોમાં,
ક્યાંય ન પામ્યો સુખ પ્રભુ ! આ નશ્વર સંબંધોમાં,
સપડાયો ભવ પર્યંત, આ દુનિયાના પ્રબંધોમાં,
મુક્ત પંખી પાંખ વીંધી, હાય, છોડ્યો એકલ ગગનમાં,
મુક્ત પંખી પાંખ વીંધી, હાય, છોડ્યો એકલ ગગનમાં,
ક્યાં વિસામો, ક્યાં સહારો, સપડાયેલ આંધી-તોફાનોમાં.
ક્યાંક ન પામ્યો સુખ પ્રભુ ! આ નશ્વર સંબંધોમાં,
સપડાયો ભાવ પર્યંત, આ દુનિયાના પ્રબંધોમાં…

ગંધાતા કાદવમાં સુમંગલ કમલ, કોણ ધરે દાદા ચરણ ?
ગંધાતા કાદવમાં સુમંગલ કમલ, કોણ ધરે દાદા ચરણ ?
જો ધરે દાદા ચરણ, તો નિશ્ચે પામે સર્વોચ્ચ બ્રમ્હાંડ,
જો ધરે દાદા ચરણ, તો નિશ્ચે પામે સર્વોચ્ચ બ્રમ્હાંડ,
ફગાવી દે જગનો દગો, પામી જ તુ જ સાચો સગો,
શુદ્ધ સંબંધ 'દાદા'નો શાશ્વત, નહિ તો ભટકણ ચતુર્ પગો...
ક્યાંક ન પામ્યો સુખ પ્રભુ ! આ નશ્વર સંબંધોમાં,
સપડાયો ભાવ પર્યંત, આ દુનિયાના પ્રબંધોમાં…

શું રહ્યું છે બાકી હજી, રાગ-દ્વેષ તરછોડમાં?
શું રહ્યું છે બાકી હજી, રાગ-દ્વેષ તરછોડમાં?
પામ અમૃત સિંધુ બિન્દુ શીદ, મારે ફાંફા ભાવ ગટરમાં ?
પામ અમૃત સિંધુ બિન્દુ શીદ, મારે ફાંફા ભાવ ગટરમાં ?
ક્યાં કર્તાપણું, ક્યાં ભોક્તાપણું ? જગ કોયડો છે આપ ખુદ,
વસ્તુના સંમેલન વિસર્જનથી, રચાયું નિયમે વ્યવસ્થિત...
ક્યાંક ન પામ્યો સુખ પ્રભુ ! આ નશ્વર સંબંધોમાં,

સપડાયો ભાવ પર્યંત, આ દુનિયાના પ્રબંધોમાં…
મુક્ત પંખી પાંખ વીંધી, છોડ્યો એકલ ગગનમાં,
મુક્ત પંખી પાંખ વીંધી, હાય, છોડ્યો એકલ ગગનમાં,
ક્યાં વિસામો, ક્યાં સહારો, સપડાયેલ આંધી-તોફાનોમાં.

ક્યાંક ન પામ્યો સુખ પ્રભુ ! આ નશ્વર સંબંધોમાં,
ક્યાંક ન પામ્યો સુખ પ્રભુ ! આ નશ્વર સંબંધોમાં,

## Swaramna-24 (5) મેરુ સમાન અચલ અડગ

મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?

મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?

એ તો મારો દાદો ભગવન્, બીજા કોઈનું ગજું ના.

એ તો મારો દાદો ભગવન્, બીજા કોઈનું ગજું ના.

મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?

મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?

ગાંભિર્ય સાગર સમ, જે કદિ માઝા ન્ મૂકે પ્રલયમાં,

એવો બીજો કોઈ હોઈ શકે ? અક્રમ જ્ઞાની દાદા વિણ.

ગાંભિર્ય સાગર સમ, જે કદિ માઝા ન્ મૂકે પ્રલયમાં,

એવો બીજો કોઈ હોઈ શકે ? અક્રમ જ્ઞાની દાદા વિણ

સવિતા સમાન પ્રતાપી ને વળી ચંદા સમ શીતળ કોણ ?

સવિતા સમાન પ્રતાપી ને વળી ચંદા સમ શીતળ કોણ ?

બેઉ ગુણ પ્રગટ્યા જેને, એ દાદા વિણ બીજું કોઈ ના.

બેઉ ગુણ પ્રગટ્યા જેને, એ દાદા વિણ બીજું કોઈ ના.

મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?

મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?

ખટપટિયો સર્વજ્ઞ વીતરાગ, પુરાણ પુરુષ કલિયુગે,

આશ્ચર્ય અલૌકિક અગિયાર, ઝળક્યું દસ લાખ વરસે.

ખટપટિયો સર્વજ્ઞ વીતરાગ, પુરાણ પુરુષ કલિયુગે,

આશ્ચર્ય અલૌકિક અગિયાર, ઝળક્યું દસ લાખ વરસે.

હજારો આત્મજ્ઞાનીના જ્ઞાનદાતા ત્રૈલોક્યના,

હજારો આત્મજ્ઞાનીના જ્ઞાનદાતા ત્રૈલોક્યના,

સમસ્ત કલ્યાણ વિશ્વ તણું, નિમિત્ત સર્જન દાદા હાથ.

સમસ્ત કલ્યાણ વિશ્વ તણું, નિમિત્ત સર્જન દાદા હાથ.

મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?

<u>મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?</u>

વંદન હો, વંદન હો, એ લીફ્ટમાર્ગી સત્ પુરુષને,

અક્રમ મોક્ષના ભોમિયા, ભગવાનના યે ઉપરીને.

*વંદન હો, વંદન હો, એ લીફ્ટમાર્ગી સત્ પુરુષને,*

*અક્રમ મોક્ષના ભોમિયા, ભગવાનના યે ઉપરીને.*

બાપો કોઈ જગકર્તા નથી, ચેલેન્જ કોણે ફેંકી આ ?

*બાપો કોઈ જગકર્તા નથી, ચેલેન્જ કોણે ફેંકી આ ?*

પરમાણું પરમાણું એ ફરનાર, સૂક્ષ્મતમ વિણ કોઈ ના.

*પરમાણું પરમાણું એ ફરનાર, સૂક્ષ્મતમ વિણ કોઈ ના.*

<u>મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?</u>

<u>મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?</u>

એ તો મારો દાદો ભગવન્, બીજા કોઈનું ગજું ના

એ તો મારો દાદો ભગવન્, બીજા કોઈનું ગજું ના

<u>મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?</u>

<u>મેરુ સમાન અચલ અડગ, ધરતી ખોળે દિસે કોણ આ ?</u>

એ તો મારો દાદો ભગવન્, બીજા કોઈનું ગજું ના

દાદા ભગવન વિણ કોણ આપે, પલમાં છટકણ !

<u>એ તો મારો દાદો ભગવન્, બીજા કોઈનું ગજું ના.</u>

## Swaramna-23 (6) ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી

દાદા ભગવાનના અસીમ જય જય કાર હો.
દાદા ભગવાનના અસીમ જય જય કાર હો.
દાદા ભગવાનના અસીમ જય જય કાર હો.

ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો,

ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો

અસમર્થ સદાકાળનો હું, મહા સમર્થ કરાવીયો.

અસમર્થ સદાકાળનો હું, મહા સમર્થ કરાવીયો.

ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો,

ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો,

અસમર્થ સદાકાળનો હું, મહા સમર્થ કરાવીયો.

અસમર્થ સદાકાળનો હું, મહા સમર્થ કરાવીયો.

ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો,

ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી..

રહ્યું નથી મુજ પાસ કાંઈ, સર્વ તો તુજ દીધેલું,

સમર્પું સર્વસ્વ ચરણે, કાય મન વાચ વેલું.

રહ્યું નથી મુજ પાસ કાંઈ, સર્વ તો તુજ દીધેલું,

સમર્પું સર્વસ્વ ચરણે, કાય મન વાચ વેલું

મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર, પ્રતિષ્ઠિતના સર્વ પેચ,

રહો સુસ્થાને સદા, લબાડો દિનરાત ખેંચ.

ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો

અસમર્થ સદાકાળનો હું, મહા સમર્થ કરાવીયો....

ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી.

દીધું કેવળજ્ઞાન આપે, હું મૂરખ નાસમજ હજી,

કક્કો યે જાણું ના હું, માથે પડ્યો આપ એકલજી.

<u>દીધું કેવળજ્ઞાન આપે, હું મૂરખ નાસમજ હજી,</u>

<u>કક્કો યે જાણું ના હું, માથે પડ્યો આપ એકલજી</u>.

ભયંકર તરછોડ પામે છતાં, ન છોડું કદિ સુચરણ,

મોક્ષ મારો સ્થિત સદાકાળ, ના સહી શકે વિરહણ.

<u>ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો</u>

<u>અસમર્થ સદાકાળનો હું, મહા સમર્થ કરાવીયો....</u>

<u>ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી...</u>

નિશ્ચયવ્યવહાર બેઉ પાંખો, આપના બે પાદ નલિન,

વિણ એકે કહો કેમ કરી, ઊડે મોક્ષે અભાગિન ?

<u>નિશ્ચયવ્યવહાર બેઉ પાંખો, આપના બે પાદ નલિન,</u>

<u>વિણ એકે કહો કેમ કરી, ઊડે મોક્ષે અભાગિન ?</u>

આપનો વિરહ એ જ નિશ્ચે, સ્વ થકી જ વિયોગ,

સંયોગવિયોગ જાણું ના બીજા, એ અવસ્થા ત્રિયોગ.

<u>ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો</u>

<u>અસમર્થ સદાકાળનો હું, મહા સમર્થ કરાવીયો....</u>

<u>ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી...</u>

'હુ દાદો' જ્યાં વાત ખરી, ક્ષણ ભંગુર ચરણે આપ,

એટલી જ જાણું હું વાત, માથે પડ્યા, બાપ રે બાપ.

'હુ દાદો' જ્યાં વાત ખરી, ક્ષણ ભંગુર ચરણે આપ,

**એટલી જ જાણું હું વાત, માથે પડ્યા, બાપ રે બાપ....(S)**

<u>ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી, આજ દાદાએ છોડાવીયો</u>

<u>અસમર્થ સદાકાળનો હું, મહા સમર્થ કરાવીયો</u>

<u>ચતુર્ગતિ ભંગજાળ ભ્રાંતિથી,</u>

<u>આજ દાદાએ છોડાવીયો</u>

<u>આજ દાદાએ છોડાવીયો</u>

આજ દાદાએ છોડાવીયો (S-1)

## Swaramna-26 (7) થાઓ ગલન હે પરમાણુઓ

થાઓ ગલન હે પરમાણુઓ, થાઓ ગલન,
મુક્તાત્માને મુક્ત કરો, તોડો હવે સર્વ બંધન.
થાઓ ગલન હે પરમાણુઓ, થાઓ ગલન,
મુક્તાત્માને મુક્ત કરો, તોડો હવે સર્વ બંધન.

ખૂણે ખૂણે ખળભળતાં, ભાળ્યાં મેં તમને,
ખૂણે ખૂણે ખળભળતાં, ભાળ્યાં મેં તમને,

'હું વીતરાગ' 'તમ વીતરાગ',

હું વીતરાગ' 'તમ વીતરાગ' પછી શું વળગે ? પછી શું વળગે ?

થાઓ ગલન હે પરમાણુઓ, થાઓ ગલન,
મુક્તાત્માને મુક્ત કરો, તોડો હવે સર્વ બંધન.

કે' ભવે કરી ન્હોતી, આપની મેં સ્વાગતા ?
ધરાઓ હવે, લ્યો વિદાયી મુજથી શાશ્વતા,
વિનવું, શ્રદ્ધાંજલિ કરું સર્વને અર્પણ,
જોવા મુખ ફરી અહીં ,નહીં મલે દર્પણ. નહીં મલે દર્પણ.

થાઓ ગલન હે પરમાણુઓ, થાઓ ગલન,
મુક્તાત્માને મુક્ત કરો, તોડો હવે સર્વ બંધન.

'સર્વજ્ઞ'ની નિશ્રામાં, રક્ષિત સમકિતી 'હું',
સીમંધરી કલ્યાણી મિશનમાં, અર્પીત 'હું',
શું મજાલ, હે મિશ્ર પરમાણુઓ તુજ હવે ?
ત્યક્તને શું ગ્રહે, હે પુદગલ શાને સતવે ? હે પુદગલ શાને સતવે ?.

થાઓ ગલન હે પરમાણુઓ, થાઓ ગલન,
મુક્તાત્માને મુક્ત કરો, તોડો હવે સર્વ બંધન.

શાને છંછેડે, છું 'વીતરાગ' તેથી મને ?
જો 'હું' વિફરું, બાપોય બચાવે નહીં કોઈ તને,
અનંત શક્તિ લેશ્યા, યજ્ઞ મહા સમભાવ,
એ મુજ શસ્ત્રથી, છેદીશ પુદ્ગલ પ્રાણ.  છેદીશ પુદ્ગલ પ્રાણ.

થાઓ ગલન હે પરમાણુઓ, થાઓ ગલન,
મુક્તાત્માને મુક્ત કરો, તોડો હવે સર્વ બંધન.

સમજી જા સાનમાં, 'સર્વજ્ઞ'ના માનમાં,
'તું' 'હું' રહો  નિજ - નિજ સ્વભાવ તાનમાં,
અલવિદા, પુદગલ પરમાણુને સદા,
દાદાનું હૃદય કુંજ, એ જ મારી અદા.  એ જ મારી અદા.

થાઓ ગલન હે પરમાણુઓ, થાઓ ગલન,
મુક્તાત્માને મુક્ત કરો, તોડો હવે સર્વ બંધન.

ખૂણે ખૂણે ખળભળતાં, ભાળ્યાં મેં તમને,
ખૂણે ખૂણે ખળભળતાં, ભાળ્યાં મેં તમને,

'હું વીતરાગ' 'તમ વીતરાગ',

હું વીતરાગ' 'તમ વીતરાગ' પછી શું વળગે ?  પછી શું વળગે ?

થાઓ ગલન હે પરમાણુઓ, થાઓ ગલન,
મુક્તાત્માને મુક્ત કરો, તોડો હવે સર્વ બંધન.

## Swaramna-22 (8) રંગ લાગ્યો મને, રંગ લાગ્યો...

આલાપ....

હે રંગ લાગ્યો મને, રંગ લાગ્યો
હે દાદા ભગવાનનો રંગ લાગ્યો
હે મને, દાદાના નામનો રંગ લાગ્યો.

કહ્યું કહેવાય નહીં, સહ્યું સહેવાય નહીં,

કહ્યું કહેવાય નહીં, સહ્યું સહેવાય નહીં,

દાદાના નામનો રંગ લાગ્યો....

રંગ લાગ્યો મને, રંગ લાગ્યો
હે દાદા ભગવાનનો રંગ લાગ્યો...

જ્યાં જોઉં ત્યાં તુજ રૂપો દેખાય છે
જ્યાં જોઉં ત્યાં તુજ રૂપો દેખાય છે

શમણામાં માંહ્યલો જાગતો જણાય છે
શમણામાં માંહ્યલો જાગતો જણાય છે
દિવ્ય દિવ્ય દિવ્ય મારા લોચનિયા થાય...

મને, દાદાના નામનો રંગ લાગ્યો....

રંગ લાગ્યો મને, રંગ લાગ્યો
હે દાદા ભગવાનનો રંગ લાગ્યો...

તારી કિરપા રાતદાડો વર્તાય છે
તારી કિરપા રાતદાડો વર્તાય છે

હલેસા બિન દરિયો તુજથી તરાય છે
હલેસા બિન દરિયો તુજથી તરાય છે

હે મારા નાવના ખેવૈયા, કિનારો દેખાય...

મને, દાદાના નામનો રંગ લાગ્યો....

રંગ લાગ્યો મને, રંગ લાગ્યો
હે દાદા ભગવાનનો રંગ લાગ્યો...

તારો રંગાયો, ના દૂજો ચઢે રંગ

<u>તારો રંગાયો, ના દૂજો ચઢે રંગ</u>

તારા જ રંગે, આજ બન્યો હું અસંગ

<u>તારા જ રંગે, આજ બન્યો હું અસંગ</u>

હે મહેર અસંગની, કેમ રે બોલાય...

મને, દાદા ભગવાનનો રંગ લાગ્યો...

<u>રંગ લાગ્યો મને, રંગ લાગ્યો</u>
<u>હે દાદા ભગવાનનો રંગ લાગ્યો</u>

અનંત ગુણલા, પણ મુજથી ગવાય નહીં,

<u>અનંત ગુણલા, પણ મુજથી ગવાય નહીં,</u>

હતું તે ચરણે ધર્યું, હવે મુજથી કંઈ થાય નહીં,

<u>હતું તે ચરણે ધર્યું, હવે મુજથી કંઈ થાય નહીં,</u>
હે તારું નામ લેતા કંઠ મારો ગદ્‌ગદ્‌ થઈ જાય...
મને, દાદા ભગવાનનો રંગ લાગ્યો.

<u>રંગ લાગ્યો મને, રંગ લાગ્યો</u>
<u>હે દાદા ભગવાનનો રંગ લાગ્યો</u>

દિનરાત બળું છતાં રાખોડી થવાય નહીં,
<u>દિનરાત બળું છતાં રાખોડી થવાય નહીં</u>
કોયલો ધગધગતો, છેડો ઝલાય નહીં,

<u>કોયલો ધગધગતો, છેડો ઝલાય નહીં</u>

કોયડાને તારા વિના કેમ ઉકેલાય ?...

મને, દાદા ભગવાનનો રંગ લાગ્યો...

<u>રંગ લાગ્યો મને, રંગ લાગ્યો ...</u>
<u>હે મને દાદા ભગવાનનો રંગ લાગ્યો</u>

કહ્યું કહેવાય નહીં, સહ્યું સહેવાય નહીં, (2)
દાદાના નામનો રંગ લાગ્યો.

<u>રંગ લાગ્યો મને, રંગ લાગ્યો</u>
<u>હે દાદા ભગવાનનો રંગ લાગ્યો</u>
<u>હે રંગ લાગ્યો મને, રંગ લાગ્યો</u>

*<u>હે મને, દાદાના નામનો રંગ લાગ્યો.</u>*
*<u>હે દાદા ભગવાનનો રંગ લાગ્યો</u>*
<u>હે રંગ લાગ્યો મને, રંગ લાગ્યો</u>
<u>હે દાદા ભગવાનનો રંગ લાગ્યો</u>

**Swaramna-25 (9) દાદાજી છે મારા હૃદયમાં હૃદયમાં...**

દાદાજી છે મારા હૃદયમાં હૃદયમાં,

હું છું દાદાજીના હૃદયમાં હૃદયમાં.

દાદાજી છે મારા હૃદયમાં ..

અભેદ આત્મતત્ત્વ, જુદાઈ કીંહાથી,…(2)

હું હી હું હી જીવે જોઉં જીંહાથી. ,…(2)

અહોહો પરમતત્ત્વ, દાદા દીવ્યદ્રષ્ટિ,

ન ભૂતો ન ભાવિ કૃપાકારુણ વૃષ્ટિ.

*<u>દાદાજી છે મારા હૃદયમાં હૃદયમાં,</u>*

*<u>હું છું દાદાજીના હૃદયમાં હૃદયમાં.</u>*

*દાદાજી છે મારા હૃદયમાં ..*

ઈતિહાસ દસ લખનો, ભૂગોળ બ્રહ્માંડી, …(2)

દાદા ! દાદા ! દાદા ! ઉગાર્યા અનાડી,…(2)

ક્રિયાકાંડ તપ જપ, ત્યાગાત્યાગ વિના,

સરળ સહજ મોક્ષ સુખ, લક્ષ વીતરાગીના.

*<u>દાદાજી છે મારા હૃદયમાં હૃદયમાં,</u>*

*<u>હું છું દાદાજીના હૃદયમાં હૃદયમાં.</u>*

*દાદાજી છે મારા હૃદયમાં ..*

સ્વયં બુદ્ધ નિર્લેપ, નિરાગી નિર્વિકાર,

અનંત દર્શી જ્ઞાની, પ્રકાશક ત્રિલોકી.

શુદ્ધ બુદ્ધ અસંગી, સદા બ્રહ્મચારી,

શુદ્ધ આતમા છું, પ્રપ્રયોગે અયોગી.

દાદાજી છે મારા હ્દયમાં હ્દયમાં,

હું છું દાદાજીના હ્દયમાં હ્દયમાં.

*દાદાજી છે મારા હ્દયમાં હ્દયમાં,*

*હું છું દાદાજીના હ્દયમાં હ્દયમાં.*

*દાદાજી છે મારા હ્દયમાં હ્દયમાં,*

*હું છું દાદાજીના હ્દયમાં હ્દયમાં.*

*દાદાજી છે મારા હ્દયમાં ..*

### Swaraman 23 (10) અહો ! અહો ! આ દાદા મહાત્માઓને,

અહો ! અહો ! આ દાદા મહાત્માઓને,
મહાવિદેહના વિઝા પામેલા પુણ્યાત્માઓને.
નથી રુચતું ભરતક્ષેત્રે પલ હવે,
મહાવિદેહ પુગવા, પરાણે સહુ જીવે.

હૃદય આતુર, નયન પ્યાસા, સ્વામી દર્શને,
છીપાવો પ્યાસ, છૂટી આશ આલંબને;
પ્રભુ ! પ્રેમે બાંધ્યા ન છૂટે કદિ,
લજવાશે તીર્થંકરો, ન ખેંચ્યા અમને યદિ.

દાદાએ પકડાવ્યા પ્રભુચરણો ભાવથી,
હવે રહ્યું પ્રત્યક્ષ દર્શન દ્રવ્યથી;
એક અણુ પણ ન આઘા હૃદયથી,
લાખો જોજન દૂર વસો નજરુંથી. હૃદય આતુર...

સ્વીકારો ભક્તિ, સુભાવો, સ્વાત્મા,
અર્પણ સર્વ આપને પ્રગટ પરમાત્મા;
જન્મ કલ્યાણકે અન્ય કશું નથી ધરવાને,
ગાંડાઘેલા જીવી રહ્યા સ્વામી મળવાને ! હૃદય આતુર...

## Swaraman 26 (11) જગત કલ્યાણનો લીધો છે ભેખ, (Chorus - Full Song)

જગત કલ્યાણનો લીધો છે ભેખ, (2)

છેલ્લો શ્વાસ દાદા કાજનો છે ટેક. (2)

જગત કલ્યાણનો લીધો છે ભેખ, (2)

દાદાઈ કલ્યાણ યજ્ઞમાં ખર્ચાઉં, (૨)
તો ખરો જ્ઞાતપુત્ર હું મનાઉં. (૨)
જગત કલ્યાણનો લીધો છે ભેખ, (૨)(GAP)
દાદા ભગવાનના અસીમ જય જાય કર હો..(૨)

ફાઈલો-ફાઈલો કરી કર્યો બચાવ ! (૨)
દાદાએ ક્યાં કદિ રાખ્યો લગાવ ? (૨)

જગત કલ્યાણનો લીધો છે ભેખ, (૨)

હવે પડો જંગે જગત માંડે મીંટ, (૨)
અક્રમનો ઢંઢેરો ખૂણે ખૂણે પીટ. (૨)
જગત કલ્યાણનો લીધો છે ભેખ, (૨)

છેલ્લો શ્વાસ દાદા કાજનો છે ટેક. (૨)

જગત કલ્યાણનો લીધો છે ભેખ, (૨) આઆઆઆઆ......

*****

## Swaraman 27 (12-Pujyashree) વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;

વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;
<u>વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;</u>
વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;
<u>વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;</u>
હિંસા-અહિંસાના સૂત્રો, ક્યાં સુધી ગાયા કરશો ?
<u>હિંસા-અહિંસાના સૂત્રો, ક્યાં સુધી ગાયા કરશો ?</u>
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*
*<u>વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;</u>*

હિંસા-અહિંસા દ્વંદ્વ ગુણો, જગત ના જીતી શકે;
<u>હિંસા-અહિંસા દ્વંદ્વ ગુણો, જગત ના જીતી શકે;</u>
શુદ્ધ પ્રેમ એક ભાવ, આત્મબંધે જીતાડશે.
<u>શુદ્ધ પ્રેમ એક ભાવ, આત્મબંધે જીતાડશે.</u>
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*
*<u>વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;</u>*

યુગ યુગના ભ્રષ્ટાચાર, વિશ્વ ટોચે બિરાજ્યા જો;
<u>યુગ યુગના ભ્રષ્ટાચાર, વિશ્વ ટોચે બિરાજ્યા જો;</u>
અણહક્કના વિષયો-લક્ષ્મી, લૂંટી, આવ્યો કાળ જો.
<u>અણહક્કના વિષયો-લક્ષ્મી, લૂંટી, આવ્યો કાળ જો.</u>
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*
*<u>વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;</u>*

ધરતી ક્યાં સુધી ઝીલશે ભાર, ચીરો હૃદયે મા ભારતી;
ધરતી ક્યાં સુધી ઝીલશે ભાર, ચીરો હૃદયે મા ભારતી;
ધર્મચક્ર સુદર્શન જાગ્યો, કૃષ્ણ-મહાવીર-રામ જો.
ધર્મચક્ર સુદર્શન જાગ્યો, કૃષ્ણ-મહાવીર-રામ જો.
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

ઋષિ-મુનિના અમે સંતાન, ભાવિ મહાવીર-કૃષ્ણ જો;
ઋષિ-મુનિના અમે સંતાન, ભાવિ મહાવીર-કૃષ્ણ જો;
કેમ સાંખે ભ્રષ્ટાચાર, દુરાચાર-કુવિચાર જો.
કેમ સાંખે ભ્રષ્ટાચાર, દુરાચાર-કુવિચાર જો.
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

જાગો બાળ-યુવા-વૃદ્ધો, ધર્મયજ્ઞ આજ રે;
જાગો બાળ-યુવા-વૃદ્ધો, ધર્મયજ્ઞ આજ રે;
ચેતો-ચેતવો 'ખીણ છે', અનન્ય શરણે લાજ રે.
ચેતો-ચેતવો 'ખીણ છે', અનન્ય શરણે લાજ રે.
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

યજ્ઞ આહુતિ કુવિચાર, આશિષ દેવ ને દેવીઓ;
યજ્ઞ આહુતિ કુવિચાર, આશિષ દેવ ને દેવીઓ;
સ્વધર્મે દાદા સાક્ષી, કૃપા સીમંધર સ્વામી જો.
સ્વધર્મે દાદા સાક્ષી, કૃપા સીમંધર સ્વામી જો.
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*
*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

મન-વચન-કાયાની હિંસા, ચાલી રહી છે ઠેર ઠેર;

મન-વચન-કાયાની હિંસા, ચાલી રહી છે ઠેર ઠેર;

અહિંસા સૂત્રો શું કરે ? જ્યાં જગત કોયડો ગહન.

અહિંસા સૂત્રો શું કરે ? જ્યાં જગત કોયડો ગહન.

*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

રાગ-દ્વેષવાળી હિંસા, થઈ રહી છે ઘેર-ઘેર;

રાગ-દ્વેષવાળી હિંસા, થઈ રહી છે ઘેર-ઘેર;

માત્ર નિસ્પૃહ પ્રેમ છોળે, કરુણાથી જીતાય જગત.

માત્ર નિસ્પૃહ પ્રેમ છોળે, કરુણાથી જીતાય જગત.

*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

પ્રેમથી જીતો-જીતાડો, હાર્યો તે જીત્યો જગત;

પ્રેમથી જીતો-જીતાડો, હાર્યો તે જીત્યો જગત;

વિશ્વ પ્રેમ ભાવ માત્રથી, પલટાશે યુગના વહન.

વિશ્વ પ્રેમ ભાવ માત્રથી, પલટાશે યુગના વહન.

*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

*વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;*

વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;

વારસ અહો ! દાદાના, પ્રેમ ઝરણું વહાવજો;

સ્વધર્મે દાદા સાક્ષી, કૃપા સીમંધર સ્વામી જો.

સ્વધર્મે દાદા સાક્ષી, કૃપા સીમંધર સ્વામી જો. (3)

---

દુન્યવી સંબંધે સુખ ખોળતા, વ્યાકુળ હરણા કદી ન પામતા,
કસ્તુરી નાભિ મધ્યે, દેખાડનારા દુર્લભ પાકતા (૨)...

ગહન કોયડો ઉકેલ, કલાકમાં પામ સર્વજ્ઞ દાદા કને,
ખુદને પીછાની ખુદમાં જ સ્થિત, ખુદા દાદા કરે કલ્યાણ.